# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. ગુજરાતના ગાંધીનગર ખાતે વિશ્વ ગોળાકાર અર્થતંત્ર મંચનું ઉદ્ઘાટન - કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે ટકાઉ વિકાસ માળખામાં પરિપત્ર અર્થતંત્રના સિદ્ધાંતોને સમાવિષ્ટ કરવા પર ભાર મૂક્યો.
2. ઇજનેર દિવસ નિમિત્તે ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં ઇજનેરોની મહત્વપૂર્ણ ભૂમિકાને બિરદાવતા પ્રધાનમંત્રી.
3. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે , DRDO અને ઉદ્યોગ વચ્ચે ભાગીદારી ભારતને સંરક્ષણ ઉત્પાદન માટે વૈશ્વિક કેન્દ્ર બનાવી શકે છે.
4. વિદેશી વિદ્યાર્થીઓ અને પત્રકારો માટે અમેરિકામાં રોકાણની અવધિ પર કડક મર્યાદા લાદતા નવા નિયમના અમલ પર સ્થાનિક અદાલતનો પ્રતિબંધ.
5. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે આજે દિલ્હીમાં બીજી ટી-20 ક્રિકેટ મેચ રમાશે.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# REV. GUJARAT WCEF

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે તેના ટકાઉ વિકાસ માળખામાં પરિપત્ર અર્થતંત્રના સિદ્ધાંતોને સમાવિષ્ટ કરવાની ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો.

આજે ગુજરાતનાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 10માં વિશ્વ ગોળાકાર અર્થતંત્ર મંચ (WCEF) 2026 ના ઉદ્ઘાટન સત્રને સંબોધતા તેમણે વિસ્તૃત ઉત્પાદક જવાબદારી નિયમો અને મિશન જીવન જેવી પહેલોને તેની પરિપત્રતા યાત્રામાં મહત્વપૂર્ણ પગલાં તરીકે ગણાવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારતમાં પ્રથમ વખત યોજાઈ રહેલા મંચનું ઉદ્ઘાટન કર્યું. 'પરિપત્ર અર્થતંત્ર: લોકો અને સમૃદ્ધિ માટે સંક્રમણ ' વિષયવસ્તુ હેઠળ યોજાઈ રહેલી મંચમાં 65થી વધુ દેશોના બે હજારથી વધુ હિસ્સેદારો ભાગ લઈ રહ્યા છે.

સાંભળીએ વધુ અહેવાલ અમારા સંવાદદાતા પાસેથી........

## VOICE CAST: APARNA KHUNT

# ENGINEERS DAY

રાષ્ટ્રીય ઇજનેર દિવસ આજે ઉજવાઇ રહ્યો છે. ભારતના મહાન ઇજનેરોમાંના એક ભારત રત્ન વિશ્વેશ્વરૈયાના જન્મદિન નિમિત્તે તેમના યોગદાનને યાદ કરવા અને રાષ્ટ્રના વિકાસમાં ઇજનેરોની ભૂમિકાને માન આપવા માટે દર વર્ષે 15 સપ્ટેમ્બરે આ દિવસ ઉજવવામાં આવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને ગૃહમંત્રી અમિત શાહે એમ. વિશ્વેશ્વરૈયાને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે , એમ. વિશ્વેશ્વરૈયા એક એન્જિનિયરિંગ પ્રતિભા હતા . જેમનું રાષ્ટ્ર નિર્માણ માટેનું વિઝન હંમેશા નાગરિકોને પ્રેરણા આપશે.

## BYTE: NARENDRA MODI PM

ઇજનેરોને અભિનંદન આપતા ગૃહમંત્રીએ કહ્યું કે , તેમની અથાક નવીનતાઓ ટકાઉ વિકાસ દ્વારા ભારતની પ્રગતિને આગળ ધપાવે છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે , ભારતના રાષ્ટ્ર નિર્માણમાં વિશ્વેશ્વરૈયાનું અસાધારણ યોગદાન હંમેશા યાદ રહેશે.

# RAJANTH - VIMARSH

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે કહ્યું કે , DRDO અને ઉદ્યોગ વચ્ચે ભાગીદારી ભારતને સંરક્ષણ ઉત્પાદન માટે વૈશ્વિક કેન્દ્ર બનાવી શકે છે. નવી દિલ્લીમાં DRDO-ઉદ્યોગ સિનર્જી મીટ , 'વિમર્શ 2026 'માં સંબોધન કરતાં તેમણે કહ્યું કે , વર્ષોથી DRDOએ મિસાઇલથી લઈને રડાર, લડાયક વિમાનથી લઈને સબમરીન, ઇલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલીથી લઈને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સુધી દરેક ક્ષેત્રમાં તેની ક્ષમતાઓ દર્શાવી છે.

જો કે તેમણે ભાર મૂક્યો કે, સરકાર અથવા DRDO દ્વારા માત્ર સંરક્ષણ ક્ષેત્રમાં સંશોધન અને વિકાસ માટે પ્રયાસો પૂરતા નથી. શ્રી સિંહે કહ્યું કે , આત્મનિર્ભરતાનો અર્થ ફક્ત દેશમાં કેટલાક ઘટકો , મિસાઇલો, શસ્ત્ર સાધનો અને પ્લેટફોર્મ વિકસાવવાનો નથી. તેમણે કહ્યું કે આત્મનિર્ભરતા રાષ્ટ્રના પાત્ર અને વલણનો એક ભાગ બનવી જોઈએ.

# BIRLA - DEMOCRACY DAY

લોકશાહીએ દેશની સભ્યતામાં ઊંડા મૂળ ધરાવે છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ પર સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, ભારત ફક્ત વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ તરીકે જ નહીં , પરંતુ તેની પ્રાચીન સંસ્કૃતિમાં ઊંડા મૂળ ધરાવતી લોકશાહી પરંપરાની પણ ઉજવણી કરે છે.

શ્રી બિરલાએ આ દિવસે , નાગરિકોને ભારતની લોકશાહીને વધુ સહભાગી , સમાવિષ્ટ, જવાબદાર અને ગતિશીલ બનાવવા માટે તેમની પ્રતિબદ્ધતા દોહરવવા પ્રોત્સાહિત કર્યા.

# PREZ- NUAKHAI FESTIVAL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે દેશના લોકોને , ખાસ કરીને ઓડિશાના લોકોને કૃષિ આધારિત સમુદાયિક તહેવાર નુઆખાઈની શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે , આ તહેવાર દ્વારા પરસ્પર સદ્ભાવના અને સંવાદિતા વધુ મજબૂત બનશે.

# PM - SAMVATSARI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સંવત્સરી નિમિત્તે લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે , સંવત્સરી દરેકને યાદ અપાવે છે કે ક્ષમા અને કરુણા દરેક બંધનને મજબૂત બનાવે છે. તેમણે આશા વ્યક્ત કરી કે , આ પવિત્ર પ્રસંગે, નમ્રતા લોકોને માર્ગદર્શન આપશે અને દયા અને સદ્ભાવના દરેક કાર્યને આકાર આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DOORDARSHAN - 67TH FOUNDATION DAY

ભારતના જાહેર સેવા પ્રસારણકર્તા દૂરદર્શનનો આજે 67મો સ્થાપના દિવસ છે. જાહેર સેવા પ્રસારણકર્તાએ 1959માં ઓલ ઈન્ડિયા રેડિયો હેઠળ પ્રાયોગિક ટેલિવિઝન સેવા તરીકે તેની સ્થાપના કરી હતી.

દાયકાઓથી તે માહિતી પ્રસાર, સાંસ્કૃતિક જાળવણી અને રાષ્ટ્રીય એકતા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની ગયું છે , જે સેટેલાઇટ અને ડાયરેક્ટ ટુ હોમ સેવાઓ દ્વારા લગભગ 100 ટકા વસ્તી સુધી પહોંચ્યું છે.

15 સપ્ટેમ્બર 1959ના રોજ સ્થાપિત , દૂરદર્શન ભારતના પ્રસારણ યુગની શરૂઆત હતી. તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે તે દિવસે પ્રથમ પ્રસારણનું ઉદ્ઘાટન કર્યું હતું.

# DORD - PFRDA MOU

ગ્રામીણ વિકાસ વિભાગ અને પેન્શન નિધિ નિયામક તથા વિકાસ પ્રાધિકરણે પેન્શન કવરેજને વિસ્તૃત કરવા ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો માટે સામાજિક સુરક્ષાને મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું કે , આ કરાર હેઠળ દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન દ્વારા દૂરના વિસ્તારોમાં પેન્શન સહાય પૂરી પાડવા માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે.

# CSIR NISCPR- SARAL AI

વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદે તેના જર્નલોમાં પ્રકાશિત થયેલા સંશોધન પત્રોને આકર્ષક અને સુલભ ટૂંકા વિડિઓઝમાં રૂપાંતરિત કરવા માટે એક નવી તકનીક સિમ્પલ એઆઈ અપનાવી છે. તેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને સામાન્ય લોકો માટે વૈજ્ઞાનિક સંશોધનને સરળ બનાવવા અને શેર કરવાનો છે.

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે પણ વૈજ્ઞાનિક સંસ્થાઓને આ તકનીક અપનાવવા અપીલ કરી છે.

# BANGLADESH ELECTION

ચૂંટણી પંચે બાંગ્લાદેશમાં સાત તબક્કામાં યુનિયન પરિષદની ચૂંટણીઓ યોજવાનો નિર્ણય લીધો છે . સાત તબક્કામાં યોજાનારી આ ચૂંટણીનો પ્રથમ તબક્કો 12 નવેમ્બરથી શરૂ થશે. પાટનગરના અગરગાંવમાં ચૂંટણી ભવનમાં પત્રકારો સાથે વાત કરતા નિવૃત્ત ચૂંટણી કમિશનર બ્રિગેડિયર જનરલ અબુલ ફઝલ મોહમ્મદ સનાઉલ્લાહે આ જાહેરાત કરી હતી.

180 દિવસમાં મુદત પુર્ણ થતાં અગાઉ કુલ ચાર હજાર 580 UP માંથી લગભગ ચાર હજાર 272 UPમાં ચૂંટણીઓ યોજવી આવશ્યક બની ગઇ છે.

# US - VISA

અમેરિકાના ફેડરલ જજે વિદેશી વિદ્યાર્થીઓ અને પત્રકારો માટે અમેરિકામાં રોકાણની અવધિ પર કડક મર્યાદા લાદવાના ટ્રમ્પ વહીવટીતંત્રના નવા નિયમને અસ્થાયી રૂપે પ્રતિબંધિત કર્યો છે. મેસેચ્યુસેટ્સના એક જિલ્લા ન્યાયાધીશ દ્વારા આપવામાં આવેલા આ ચુકાદાથી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને રાહત મળશે. ન્યાયાધીશે અવલોકન કર્યું કે, નીતિના અમલીકરણથી અમેરિકન અર્થતંત્ર અને ઉચ્ચ શિક્ષણ પ્રણાલીને મોટુ નુકસાન થશે.

# CRICKET

પુરુષ ક્રિકેટમાં , ભારત આજે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે બીજી ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં અફઘાનિસ્તાન સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 07:30 વાગ્યે શરૂ થશે.

રવિવારે પહેલી મેચમાં સાત વિકેટથી જીત મેળવ્યા બાદ ભારત ત્રણ મેચની શ્રેણીમાં 1-0થી આગળ છે. શ્રેણીની ત્રીજી મેચ ગુરુવારે આ જ સ્થળે રમાશે.